(૧૫)

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પાંચમા શ્રમણસૂત્રમાં સ્વીકાર કરવા યોગ્ય વસ્તુ કેટલી અને કઈ કઈ છે?

**જ. ૮, સંયમ, બ્રહ્મચર્ય, કલ્પનીય, જ્ઞાન, ક્રિયા, સમકિત, સદ્‌બોધ, મોક્ષમાર્ગ.**

૨. **પાઠની પૂર્તિ કરો.** દંતણ વિહિં **ફલ વિહિં અબ્ભંગણ વિહિં ઉવ્વટ્ટણ વિહિં મજ્જણ વિહિં** વત્થ વિહિં.

૩. **આ શબ્દો ક્યાં પાઠમાં છે?**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| દેવેહિં | **ચોથા શ્રમણસૂત્રમાં** | દંડે | **આઠમા વ્રતમાં** |
| કુઈએ | **પહેલા શ્રમણસૂત્રમાં** | અવિનાશી | **બીજા ખામણામાં** |
| તહ | **લોગસ્સ સામાયિકના પાંચમા પાઠમાં પ્રતિક્રમણના બીજા પાઠમાં** | માંહેલા | **પહેલા વ્રતમાં** |

૪. **અર્થ લખો.**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| તહ | **તથા, તેમ જ** | સત્થ | **તલવાર આદિ શસ્ત્ર** |
| ઠામિ | **કરું છું, એક સ્થાને સ્થિર રહીને** | ચરમેહિં | **છેલ્લા, અંતિમ** |
| જાવ | **જ્યાં સુધી, યાવત્** | સુદિટ્ઠ | **ભલી દૃષ્ટિથી** |

૫. મોક્ષની વિશેષતા બતાવતા શબ્દો કેટલા અને કયા કયા છે?

**જ. ૭, સિવ, મયલ, મરુય, મણંત, મકખય, મવ્વાબાહ, મપુણરાવિત્તિ.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન કયા દોષ રહિત કેવી રીતે આહાર કરતા હતા? (૨)

**જ. નગરમાં જઈ બીજા માટે બનેલા આહારની ગવેષણા કરતા હતા એટલે કે તેઓ ઉદ્‌ગમના દોષો, ઉત્પાદનના દોષો અને એષણાના દોષોથી રહિત આહારની ગવેષણા કરીને મન–વચન–કાયાના યોગોને સ્થિર કરી આહારનું સેવન કરતા હતા.**

૨. અનાર્યના લોકો કેવી રીતે કોલાહલ કરતા હતા? (૧.૫×૨)

**જ. ઘણા અનાર્ય લોકોમાંથી કોઈ દંડાથી, કોઈ મુટ્ઠીથી, કોઈ ભાલા આદિની અણીથી તો કોઈ ઈંટ–પથ્થરથી અથવા ઘડાના ઠીકરાથી તેમને માર મારી કોલાહલ કરતા હતા.**

૩. ભગવાન કયા આસને બેસીને ધર્મધ્યાન કરતા હતા? ભગવાને કયા આસનો પર શયન કરેલ હતું?

**જ. ભગવાન મહાવીર ઉત્કૃષ્ટ, ગોદુહ કે વીરાસન આદિ આસને બેસી નિર્વિકારપણે ધર્મધ્યાન કરતા હતા. લાકડાના કે ઊંચા–નીચા આસનો પર શયન કરેલ હતું.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દેવ કેટલા અને કયા કારણથી મેઘગર્જના કરે છે?

**જ. ત્રણ. ૧) વૈક્રિયરૂપ કરે ત્યારે ૨) પરિચારણા કરે ત્યારે ૩) તથારૂપના શ્રમણ–માહણને પોતાની ઋદ્ધિ, દ્યુતિ, યશ, શારીરિક–બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ બતાવતા હોય ત્યારે.**

૨. ચતુષ્કોણ એટલે શું? તે શું છે?

**જ. જે વિમાન ચતુષ્કોણ છે, તે અખાડાના આકારે હોય છે. ચારે તરફ તથા ચારે દિશાઓ અને વિદિશાઓમાં વેદિકાથી ઘેરાયેલા હોય છે. તેને ચાર દ્વાર છે. તે દેવવિમાનના આકારવાળા છે.**

૩. પૃથ્વીનો દેશ ભાગ ચલિત થવાનું પહેલું કારણ લખો.

**જ. રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં બાદર પુદ્‌ગલ સ્વાભાવિક પરિણામથી આવીને પડે અથવા એકબીજાથી અલગ થાય અથવા બીજી જગ્યાએથી આવીને પડે ત્યારે તે બાદર પુદ્. પૃથ્વીના એક ભાગને ચલિત કરે છે.**

૪. પુદ્ગલ કેટલા પ્રકારના છે? તેનો ત્રીજો ભેદ લખો.

**જ. ત્રણ પ્રકારના છે. તેનો ત્રીજો ભેદ – વિસ્રસા પરિણત : જીવના પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે વિસ્રસા પરિણામથી બનેલા હોય (પુદ્ગલો પરિણમન થાય). જેમ કે – બે પ્રદેશી સ્કંધથી અનંતપ્રદેશી સ્કધ, ,. વાદળા, ઈન્દ્રધનુષ વગેરે.**

૫. ભિક્ષુ પ્રતિમાનું સમ્યક્ પ્રકારે પાલન અણગારને શેનું કારણ થાય છે? તેમને શું ઉત્પન્ન થાય છે?

**જ. ભિક્ષુ પ્રતિમાનું સમ્યક્ પ્રકારે પાલન અણગારને ત્રણ સ્થાન હિતકર, શુભ, ક્ષેમ, કલ્યાણકર અને શુભ અનુબંધનું કારણ બને છે. તેમને અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પંથકે ધન્ય સાર્થવાહને દેવદત્ત માટે શું કહ્યું?

**જ. પંથકે ધન્ય સાર્થવાહના પગમાં પડીને દેવદત્ત ખોવાયાની વાત વિસ્તારથી કરી અને કહ્યું કે મેં દેવદત્તની અનેક જગ્યાએ શોધ કરી, પરંતુ મળ્યો નહિ. સ્વામી ! બાળક દેવદત્તને કોઈ મિત્ર લઈ ગયો કે ચોર લઈ ગયો, કોઈ લલચાવીને લઈ ગયું તે ખબર નથી.**

૨. સાર્થવાહ એટલે શું? ભદ્રા, ધન્ય સાર્થવાહનું વર્ણન કરો.

**જ. સાર્થવાહ એટલે વેપારી કે કાફલાનો નાયક. ભદ્રા સર્વાંગ સુંદર હતી. તેનો આકાર ચંદ્રની જેમ સૌમ્ય હતો. પતિને મનોહર હતી, દેખાવમાં પ્રિય હતી, રૂપવાન હતી. ધન્ય સાર્થવાહ સમૃદ્ધશાળી હતા, તેજસ્વી હતા.**

૩. જિતશત્રુ રાજાએ દીક્ષા લીધા પછી શું કર્યું?

**જ. અગિયાર અંગસૂત્રોનું અધ્યયન કર્યું. ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કરી, એક માસનો સંથારો કરી સંલેખણા સહિત, સમાધિપૂર્વક સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી.**

૪. કોનો વધુમાં વધુ સત્સંગ કરવો જોઈએ? શા માટે?

**જ. જિન આજ્ઞાપાલક ગુરુ ભગવંતોનો. જેમનું મન મિથ્યાત્વથી મૂઢ બનેલું છે, જેઓ પાપકર્મના કાર્યમાં લાગેલા છે, ગુણરહિત છે એવા પ્રાણીઓ પણ ખાઈના પાણીની જેમ તેઓ ઉત્તમ સંયોગોથી, ઉત્તમ ગુરુની કૃપાથી ગુણી થઈ જાય છે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧. મેં રાજદંડ ભોગવીને મને છોડાવ્યો છે.

**જ. ધન્ય સાર્થવાહે ભદ્રાને કહ્યું.**

૨. આવું ઉત્તમ જળ તમને ક્યાંથી મળ્યું?

**જ. જિતશત્રુએ સુબુદ્ધિના જળગૃહના અધિપતિને કહ્યું.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. હાથીરૂપી દેવનું વર્ણન કરો.

**જ. હાથીના ૭ અંગ જમીનને સ્પર્શતા હતા, આમ તે સાત અંગધારી હતો. તે નશાથી મદોન્મત્ત અને શ્રાવણના વાદળની જેમ ગંભીર ગર્જના કરતો હતો, મન અને પવનની ગતિને જીતનાર શીઘ્ર ગતિ કરવાવાળો હતો.**

૨. કામદેવ શ્રાવક કાળ કરી ક્યાં ગયા? ત્યાં તેમની સ્થિતિ કેટલી છે?

**જ. પ્રથમ દેવલોકમાં સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનના ઉત્તરપૂર્વ દિશાભાગમાં અરુણાભ નામના વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાં તેમની સ્થિતિ ચાર પલ્યોપમની છે.**

૩. શક્રેન્દ્રના પરિવારનું વર્ણન કરો.

**જ. ૮૪ હજાર સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ૪ લોકપાલો, ૮ અગ્રમહિષીઓ, અન્ય દેવ–દેવીઓ.**

૪. કામદેવ શ્રાવકને અડોલ જોઈ પિશાચરૂપી દેવે શું કર્યું?

**જ. કામદેવ શ્રાવકને અડોલ જોઈ પિશાચરૂપી દેવ અત્યંત ગુસ્સે થઈને ભ્રમર ખેંચીને તેના નીલકમળ જેવી તીક્ષ્ણ ધારવાળી તલવારથી શરીરના ટુકડેટુકડા કરી નાંખ્યા.**

૫. દેવના ગયા પછી અને ભગવાન મહાવીર પધાર્યાના સમાચાર સાંભળી કામદેવ શ્રાવકે શું વિચાર કર્યો?

**જ. દેવના ગયા પછી કામદેવે શ્રાવકે વિચાર્યું હવે મારો ઉપસર્ગ ટળી ગયો છે એવું જાણી પોતાની પ્રતિમા પારી લીધી. ભગવાન મહાવીર પધાર્યાના સમાચાર સાંભળી કામદેવ શ્રાવકે વિચાર કર્યો કે ભગવાન પાસે જઈ વંદના–નમસ્કાર કરીને પછી પૌષધ પારવો મારા માટે યોગ્ય છે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. અંતગડ સૂત્રના કેટલા વર્ગ છે? ૫ થી ૮ અધ્યયનના નામ લખો. (૨×૨)

**જ. આઠ. ૫) દેવસેનકુમાર ૬) શત્રુસેનકુમાર ૭) સારણકુમાર ૮) ગજસુકુમાર.**

૨. ભદ્દિલપુર નગરી અને તેના ઉદ્યાનનું નામ લખી વર્ણન કરો. ત્યાંના રાજા કોણ હતા?

**જ. ભદ્દિલપુર નગર ઉત્તમ નગરના બધા ગુણોથી યુક્ત તેમ જ ધન–ધાન્યથી પરિપૂર્ણ હતું. ત્યાં શ્રીવન નામનું ઉદ્યાન હતું. તે દર્શનીય અને મનોહર હતું. ત્યાંના રાજા જિતશત્રુ હતા.**

૩. ધાવમાતાઓ અનીકસેનનું કેવી રીતે પાલન કરતી હતી? અનીકસેન કેવી રીતે વૃદ્ધિ પામતા હતા? (૧)

**જ. દઢપ્રતિજ્ઞની જેમ અનીકસેન પર્વતની ગુફામાં ચંપકલતાની જેમ સુરક્ષિત વૃદ્ધિ પામતા હતા.**

**(૫)**

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારના પગની આંગળીઓ કેવી થઈ ગઈ હતી? (૨×૨)

**જ. તુવેરની શીંગ, મગની શીંગ, અડદની શીંગ કોમળ હોય ત્યારે જ તોડીને તડકામાં રાખવામાં આવી હોય તેવી સૂકાઈને લોહી–માંસરહિત થઈ ગઈ હતી.**

૨. શ્રેણિક મહારાજ કયા રાજ્યના રાજા હતા? તેમણે ભગવાનાનો ઉપદેશ સાંભળી ભગવાનને શું પૂછ્યું?

**જ. રાજગૃહી નગર. હે ભગવાન ! ઈન્દ્રભૂતિ આદિ આપના ૧૪૦૦૦ સાધુઓમાંથી મહાદુષ્કર ક્રિયા કરવાવાળા અને મહાનિર્જરા કરવાવાળા કોણ અણગાર છે?**

૩. ધન્ના અણગાર ....... ચાલતા હતા. બોલવાના વિચારોથી જ તેમને ....... થતી હતી. (૧)

**જ. આત્મશક્તિથી, ગ્લાનિ.**

**(૧૫)**

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૪)**

૧. હત્થેણ વા ...... ન ઘટ્ટિજ્જા **પાના નં.૧૫૯ અલાવા ૧૪**

૨. પાણાણં ...... આગઈ **પાના નં.૧૫૪ અલાવા ૬**

૩. શેના વડે હવા નાંખે નહિ તે અર્થ સાથે મૂળપાઠ લખો. **પાના નં.૧૬૨ અલાવા ૧૭** **(૫)**

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. અહિજ્જિઉં – **શીખવું** ૨. ઉવસંપજ્જિ તા – **અંગીકાર કરીને** ૩. અક્ખોડંતં – **ઝાપટનાર**

૪. હરિએસુ – **લીલા ઘાસ વગેરે પર** ૫. રણ્ણે – **વનમાં** ૬. ફલગંસિ – **પાટ ઉપર**

**(ઇ) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. બીજ અગ્રભાગે હોય – **અગ્ગબીયા** ૨. ચિનગારીને – **મુમ્મુરં** ૩. મોટું – **થૂલં**

**(૧૦)**

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અશૂન્યકાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. તિર્યંચમાં કેટલા અને કયા કાળ હોય? કયો વધારે કયો ઓછો? તેનો અલ્પબહુત્વ લખો. (૬)

**જ. અશૂન્ય કાળ : વિવિક્ષિત સમયમાં વિવક્ષિત જીવોની સાથે જે જીવ નરક આદિ ગતિઓમાં રહેલા છે, તે જ જીવોની સાથે ભૂતકાળમાં નરક આદિ ગતિમાં તે જીવનું રહેવું તે અશૂન્ય કાળ છે અર્થાત્ તે જીવોમાંથી એક પણ જીવ ઓછો ન થવો જોઈએ તેમ જ એક પણ જીવ નવો ન વધવો જોઈએ. ઉદા. ધારો કે કોઈ જીવ નરકમાં**

**જે સમયે હતો તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના સર્વ (૧૦૦) નારકીઓ હતા અને તેમાં ઓછો એક પણ નવો નારકી ઉમેરાયો ન હતો તે અશૂન્ય કાળ.**

૨. મન:પર્યજ્ઞાન, વૃત્તિસંક્ષેપ, અવધિદર્શન, તિપ્પન, અચક્ષુ દર્શન, યથાખ્યાત ઈહભવિક, પરભવિક કે તદુભયભવિક છે? (૩)

**જ. ઈહભવિક, ઈહભવિક, ત્રણે, ઈહભવિક, ત્રણે, ઈહભવિક.**

૩. દેવલોકમાં ....... નો તદ્દન અભાવ હોવાથી ....... નો અભાવ હોય છે. (૧)

**જ. વિરતિ, ચારિત્ર.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૩૩ બોલમાંથી છેલ્લા ચાર બોલનો અલ્પ બહુત્વ લખો.

**જ. સર્વથી થોડા બીજા દેવલોકના દેવમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા, તેથી બીજા દેવલોકની દેવીમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, પહેલા દેવલોકના દેવીમાંથી નીકળી મનુ. થઈ સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, પહેલા દેવલોકના દેવમાંથી નીકળી મનુષ્ય થઈ સિદ્ધ થયેલા સંખ્યાતગુણા.**

| ૨. સિદ્ધ દ્વારમાં ઉત્કૃષ્ટ દ્વાર લખો. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| **જ. અપડિવાઈ (અપ્રતિપાતી) સિદ્ધ થાય તો** | **૧** | **૪** |
| **અનંતકાળના પડિવાઈ (પ્રતિપાતી) સિદ્ધ થાય તો** | **૧** | **૧૦૮** |
| **અસંખ્યાતકાળના અને સંખ્યાતકાળના પડિવાઈ** | **૧** | **૧૦** |

૩. સુપ્ત અને જાગૃત જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પબહુત્વ લખો.

**જ. સુપ્ત જીવોના ઢગલા ૪ ઢગલા અને જાગૃત જીવોના ઢગલા ૨૫૨ ઢગલા. જાગૃત જીવોના ઢગલા વધારે અને સુપ્ત જીવોના ઢગલા ઓછા. સર્વથી થોડા સુપ્ત તેથી જાગૃત સંખ્યાતગુણા.**

૪. ઉ. બે સિદ્ધ થાય તેવા બોલના નામ લખો. જે ક્ષેત્રમાં ૧ સમયમાં ૧૦ સિદ્ધ થાય તે ક્ષેત્રમાં કેટલા સમય સુધી નિરંતર સિદ્ધ થાય? પછી શું થાય?

**જ. સમુદ્રમાંથી, પંડગવનમાંથી, સ્ત્રી તીર્થંકર સિદ્ધ થાય તો, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ઉ. બે સિદ્ધ થાય. જે ક્ષેત્રમાં ૧ સમયમાં ૧૦ સિદ્ધ થાય તે ક્ષેત્રમાં નિરંતર ચાર સમય સુધી સિદ્ધ થઈ શકે છે, પછી અંતર પડે છે.**

૫. ૨૫૬ રાશિમાં ૧૧ થી ૧૪ બોલનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા સમુદ્‌ઘાત ન કરવાવાળા, તેથી જાગૃત વિશેષાધિક, તેથી પર્યાપ્ત વિશેષાધિક, તેથી આયુષ્યના અબંધક વિશેષાધિક.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમવાયાંગ સૂત્રમાં શેનું નિરૂપણ છે? ૨૪ મા અને ૩૫ મા સમવાયમાં શેનું વર્ણન છે? (૩)

**જ. એકથી લઈને અનેક સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે. આમાં એકથી લઈને સો સંખ્યા સંબંધી વિષયો માટે એકોત્તર વૃદ્ધિથી સોએ સો વિષયો માટે સો સમવાય છે. પછી ૧૫૦ થી લઈને અનેકોત્તર વૃદ્ધિ કરતા કરતા ક્રોડાક્રોડ સાગરોપમની સંખ્યા સંબંધી વિવિધ વિષયોનું નિરૂપણ છે. ૨૪ મા સમવાયમાં દેવાધિદેવ આદિનું અને ૩૫ મા સમવાયમાં તીર્થંકરના વચન અતિશય ૩૫ નું વર્ણન છે.**

૨. રાયપસેણીયમાં કેટલા અને કયા પાત્રો છે? કોનો અધિકાર છે? (૧×૨)

**જ. ત્રણ – સૂર્યાભદેવ, પરદેશી રાજા, દઢપ્રતિજ્ઞ આ ત્રણ પાત્રો છે. કેશી સ્વામી અને પરદેશી રાજા.**

૩. જીવનની કોઈપણ ...... પરિસ્થિતિમાં પણ પરિસ્થિતિનો સ્વીકાર કરવાની ...... ની વાત બતાવી છે.

**જ. અજાણી, આત્મજ્ઞાન.**